# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 05-02-2025 Day: Wednesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈશ્નવ** વાંચે છે.

---

## જીલ્લા વિકાસ અધિકારી-ઉત્સવ ગૌતમ:

કચ્છ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ઉત્સવ ગૌતમ એ આજે વિધિવત ચાર્જ સંભાળી લીધો છે. નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ એ 2018 બેચના આઈ.એ.એસ અધિકારી છે. તેઓ મૂળ ઉત્તરપ્રદેશ જિલ્લાના આગ્રાના રહેવાસી છે. તેઓએ આઈ.આઈ.ટી પટના ખાતેથી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગમાં બી.ટેક.ની પદવી મેળવી છે. આ પોસ્ટિંગ પૂર્વે તેઓ જિલ્લા વિકાસ અધિકારી દાહોદ, મિશન ડાયરેક્ટર નેશનલ અર્બન લાઈવલીહુડ ગાંધીનગર , મદદનીશ કલેક્ટર લાઠી અને પ્રોબેશનર્સ તરીકે ભાવનગર ખાતે ફરજ બજાવી ચૂક્યા છે. પદભાર ગ્રહણ કરતા તેમણે જણાવ્યું હતું કે કચ્છમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર તેમની પ્રાથમિકતા હશે.

(બાઇટ : ઉત્સવ ગૌતમ)

---

## બીઓબીએમસી રાઇડર મેનિયા:

ભારતની પ્રતિષ્ઠિત મોટરસાયકલિંગ ઇવેન્ટ 'બીઓબીએમસી રાઇડર મેનિયા' 2025નું આ વર્ષે પ્રથમ વખત ગુજરાતમાં કચ્છ રણોત્સવ ખાતે આયોજન કરાયું હતું. ધોરડો ખાતે યોજાયેલી આ રાઈડમાં કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, યુપી, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ , મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલ તેમજ નેપાળ,ભૂટાન જેવા દેશોમાંથી 2000થી વધુ બાઇક રાઇડર્સે ભાગ લીધો હતો. 3 દિવસીય ઇવેન્ટ દરમિયાન શોર્ટ ટ્રેક રેસિંગ , સ્લો બાઇક સ્પર્ધા અને વિન્ટેજ મોટરસાયકલ શૉ જેવી પ્રવૃત્તિ યોજાઈ હતી. ઇવેન્ટના ત્રીજા દિવસે 200 જેટલા રાઇડર્સે પોતાની બાઇક પર ‘રોડ ટુ હેવન ’ મારફતે ધોરડોથી ધોળાવીરા સુધીની

રોમાંચક સફર ખેડી હતી. આ યાત્રા અરુણાચલના કીબુથીથી કચ્છના કોટેશ્વર સુધી યોજાઈ હતી.

---

પાવરપટ્ટી-મેળો:

પાવરપટ્ટીના નિરોણા ખાતે કોમી એકતાના ઓલિયા તરીકે પૂજાતા પીર ફૂલપીર દાદા નો વાર્ષિક ત્રિદિવસીય મે ળો યોજાયો હતો. મેળાના પ્રારંભે રાત્રે આરાધીવાણી કાર્યક્રમ યોજાયો હતો. બીજા દિવસે વહેલી સવારથી પીર ફૂલપીર અને નોંધીનશા વલીના સમાધિ સ્થળ પર પૂજન ઉપરાંત ધ્વજારોહણ અને પેડી ચડાવવામાં આવી હતી. મેળાન અંતિમ દિવસે પ્રસાદી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ત્રિદિવસીય મેળા દરમિયાન વિવિધ રમકડા , ખાણીપીણી તથા મનોરંજનના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. મેળામાં મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાવિકો ઉમટ્યા હતા.

---

ખાનાય રામદેવપીરના મહંત બ્રહ્મલીન:

ખાનાય રામદેવપીર મંદિરના મહંત મેઘરાજજી દાદા બ્રહ્મલીન થતાં ગઇકાલે મોટી સંખ્યામાં સાધુ-સંતો-સેવકોની ઉપસ્થિતિમાં સમાધિ અપાઇ હતી. ખાનાય ખાતે વર્ષોથી ભાદરવા મહિનામાં રામદેવપીર નવરાત્રી મહોત્સવ જેવા કાર્યક્રમ તેમના સાનિધ્યમાં થતા હતા. મેઘરાજજી દાદા ખાનાય જાગીરના મહંત પદે આજીવન રહી કોરીપાઠ, આરાધી ભજન, સંતવાણીની જ્યોત પ્રજ્વલીત રાખી હતી. પૂર્વાશ્રમના માતા, પિતાએ તેમને પાંચ વર્ષની બાલ્યાવસ્થામાં ખાનાય આશ્રમને સુપરત કર્યા હતા. તુંવર કુળના મેઘરાજજી મોડજી રામદેવપીરના ઉપાસક રહ્યા હતા.

---

પીજીવીસીએલ-અંજાર:

પીજીવીસીએલ અંજાર વર્તુળ કચેરી ખાતે તાજેતરમાં મળેલી બેઠકમાં આજથી વીજ બીલ બાકીદારોના વીજ કનેક્શન કાપવાની ઝુંબેશ શરૂ કરવાનો નિર્ણય

લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત, બાકીદારોને વિજસેવા ન ખોરવાય તે માટે ત્વરિત બાકી લેણા ભરવા અનુરોધ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, નિયમ અનુસાર જે વીજગ્રાહકનું કનેક્શન કાપવામાં આવશે તે ફરી ચાલુ કરવા માટે જે તે સબ ડિવિઝન ઓફિસમાં રૂબરૂ જઈ,

રી-કનેક્શન ચાર્જ ભરપાઈ કરી આધાર પુરાવાઓ રજુ કરી ઈ-કેવાયસી કરાવવું ફરજિયાત કરેલ છે.

---

હવામાન:

જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વિષમ વાતાવરણનો અનુભવ થઇ રહ્યો છે. શિયાળાની ધીમે ધીમે વિદાય થઇ રહી છે તે વચ્ચે વહેલી સવારે અને મોડી સાંજ પછી ઠંડીનો ચમકારો હજુ યથાવત છે. દક્ષિણ રાજસ્થાન અને તેની આસપાસ સર્જાયેલાં સર્કયુલેશનના કારણે કચ્છમાં પવનો ફૂંકાઇ રહ્યા છે. હવામાન વિભાગના ડાયરેકટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર આગામી 24 કલાક બાદ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનોં વધારો થવાની સાથે ઠંડીનું જોર ઘટશે. આજે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં 9.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. જિલ્લામથક ભુજનું લઘુત્તમ તાપમાન 13.9 અને અને મહત્તમ 28.2 ડિગ્રી નોંધાયું છે. જ્યારે રાજ્યનું સૌથી વધુ તાપમાન બરોડામાં 32 ડિગ્રી નોંધાયું છે.

---